અમલીકરણ એજન્સીઓ તરફથી જમા કરાવવામાં આવતી બેન્ક ગેરંટીઓની ચકાસણી કરવા બાબત.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, સે.૧૦, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર.
નં. એબી/સીમે-૧-૨/બેન્ક ગેરંટી/ફા.નં.૧૨/ ૧૪૯ /
તા. ૫/૫/૨૦૧૫

વંચાણે લીધી :- માન. સભ્ય સચિવશ્રીની તા. ૧-૫-૨૦૧૫ ની નોંધ

સભ્ય સચિવશ્રીનાં ધ્યાન ઉપર આવેલ છે કે, ઘણી વખત અમલીકરણ એજન્સીઓ તરફથી બેન્ક ગેરંટી જમા કરાવી પાછળથી પરત જમા કરાવી લેવામાં આવે છે. વિભાગીય કચેરીને મળેલ બેન્ક ગેરંટી ઘણીવાર અમલીકરણ એજન્સીઓ પાસે હોય છે અને સમયસર રીન્યુ પણ કરાવવામાં આવતી નથી. આ બાબતે આંતરીક ઓડીટરશ્રીઓ દ્વારા પણ તેઓનાં ઓડીટ રીપોર્ટમાં નોંધ લેવામાં આવતી હોય છે. મોટાભાગની કચેરીઓમાં આ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી અને જો નિભાવવામાં આવે તો અપડેટ કરવામાં આવતુ નથી. આ બાબતને સભ્યસચિવશ્રી દ્વારા ખુબ જ ગંભીરતાથી લેવામાં આવેલ છે.

યોજનાઓનાં એગ્રીમેન્ટમાં પરફોમન્સ સીકયોરીટી તરીકે/રીટેન્શન મની સીકયોરીટી તરીકે તેમજ મોબીલાઇઝેશન એડવાન્સ સીકયોરીટી તરીકે બેન્ક ગેરંટી લેવાની જોગવાઇ હોય છે. આવી બેન્ક ગેરંટીઓની રજીસ્ટરમાં નોંધ કરી બેન્ક ગેરંટી ઇસ્યુ કરનાર સબંધિત બેન્કની શાખાની કન્ટ્રોલીંગ/વર્તુળ કચેરી પાસેથી આવી બેન્ક ગેરંટીના સાચાપણાની ખરાઇ કરવાની હોય છે. તેમજ જો બેન્ક ગેરંટીની માન્યતા પુરી થતી હોય અને લંબાવવાની જરૂર હોય તો બેન્ક ગેરંટીની માન્યતા પુરી થયા પહેલાં સબંધિત ઠેકેદારને બેન્ક ગેરંટીની માન્યતા લંબાવવા માટે રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીટ પોસ્ટથી જાણ કરી સબંધિત બેન્કની શાખાને બેન્ક ગેરંટી લંબાવવાની કાર્યવાહી કરવાની જાણ કરવાની હોય છે. સાથે સાથે બેન્કને એવી પણ સુચના આપવાની હોય છે કે, જો મુળ સમય મર્યાદાની એજન્સી બેન્ક ગેરંટીની માન્યતા લંબાવવા બેન્કનો સંપર્ક ન કરે તો બેન્ક ગેરંટી જપ્ત કરી તેની રકમ ચેક દ્વારા બોર્ડને ચુકવવા સુચના આપવાની રહે છે. જેથી જો એજન્સી બેન્ક ગેરંટીની માન્યતા લંબાવે તો બેન્ક ગેરંટીની શરણમુલ્ય રકમ મેળવવા માટે કચેરીનો હક રહે છે. આથી બેન્ક ગેરંટીનું કન્ફરમેશન તેમજ જો લંબાવવામાં આવેલ હોય તો તેનું પણ કન્ફરમેશન મેળવવા સુચના આપવામાં આવે છે. સાથે સાથે બેન્ક ગેરંટીની માન્યતા લંબાવવા બાબતે ઉપર આપેલ સુચનાનો અમલ કરવા તાકીદ કરવામાં આવે છે.

આથી આદેશ કરવામાં આવે છે કે, અમલીકરણ એજન્સીઓ તરફથી મળેલ બેન્ક ગેરંટીની માસની અંતિમ તારીખે વિભાગીય હિસાબનીશ તથા ઉપાડ અધિકારીએ ચકાસણી કરી જે તે માસનાં માસિક હિસાબ સાથે નીચે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

:-: પ્રમાણપત્ર :-:

" અમલીકરણ એજન્સીઓ તરફથી મળેલ બેન્ક ગેરંટી તથા એફડીઆરની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવેલ છે અને બેન્ક મારફતે સાચાપણાની ખરાઇ કરવામાં આવેલ છે તેમજ જરૂરીયાત પ્રમાણે બેન્ક ગેરંટી/એફડીઆર ની માન્યતા લંબાવવામાં આવેલ છે તેની પણ ખરાઇ કરવામાં આવેલ છે."

વિભાગીય હિસાબનીશ સહી

ઉપાડ અધિકારીની સહી
વિતરણ અધિકારીશ્રીની પ્રતિ સહી

આ બાબતનું ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(વી.આર.દવે)
નાણાં નિયંત્રક

પ્રતિ,
(૧) મુખ્ય ઇજનેરશ્રી,ઝોન-૧/૨/૩/૪/૫, વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ
(૨) નિયામકશ્રી, જીજેટીઆઇ, ગાંધીનગર.
(૩) મુખ્ય ઇજનેરશ્રી યાંત્રિક વડી કચેરી, ગાંધીનગર.
(૪) કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.સ્ટોર વિભાગ, ગાંધીનગર.

નકલ રવાના
- સભ્ય સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી, વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના જાણ તથા માસિક હિસાબ સમયે ચકાસણી કરવા સારૂ
- સીનીયર મેનેજરશ્રી (ના/હિ) સર્વે /નાયબ મેનેજરશ્રી (ના/હિ) સર્વે